નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/ ૪૦
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૦૩-૧૦-૨૦૧૨.

# //પરિપત્ર//

**વિષય:** નિગમ ધ્વારા ફાળવવામાં આવતી મિલકતો ઉપર ડાઉન પેમેન્ટ ઉપરની રકમ ભર્યા બાદ બાકી રહેતી રકમ ઉપર વ્યાજ વસુલ કરવા બાબત.

**સંદર્ભ:** ૧) નિગમની ૪૬૮ મી સભાના ઠરાવ ક્રમાંકઃ......../હિસાબ/૪૬૮/૨૦૧૨.
૨)પરિપત્રક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૦૮, તા.૭-૪-૨૦૧૨.

ઉપરોક્ત વિષય અન્વયે ૪૬૮ મી સભા જે તા.૨૯-૯-૨૦૧૨ નારોજ મળેલ તેમાં સંદર્ભ-૧ માં દર્શાવેલ ઠરાવ અન્વયે ઠરાવ્યા મુજબ તા.૧-૪-૨૦૧૨ અને ત્યારપછી ફાળવવામાં આવેલ / આવનાર મિલકતોમાં ફાળવણીદારો ધ્વારા ડાઉન પેમેન્ટ પેટેની રકમ ભરપાઈ કર્યા બાદ બાકી રહેતી મૂડી ઉપર ફાળવણીની તારીખે નિગમ ધ્વારા નિયત કરાયેલ વ્યાજનો જે દર અમલમાં હોય તે દર, તમામ હપ્તા દરમ્યાન કાયમી રહેશે.

આમ, તા.૧-૪-૨૦૧૨ થી નિગમના સંદર્ભ-૨ સંદર્ભીત તા.૭-૪-૨૦૧૨ ના પરિપત્ર અન્વયે વ્યાજનો દર ૧૪% નિયત કરાયેલ છે તે વ્યાજનો દર તા.૧-૪-૨૦૧૨ અને ત્યારપછી ફાળવવામાં આવેલ / આવનાર મિલકતો પેટેની, કુલ રકમમાંથી ડાઉન પેમેન્ટ પેટેની રકમ ભરપાઈ કર્યા બાદ, બાકી રહેતી મૂડી ઉપરના તમામ હપ્તા માટે ૧૪% લેખે વ્યાજ વસુલ કરવાનું રહેશે.

નિગમ ધ્વારા સદર વ્યાજનો દર જયારે સુધારવામાં આવે ત્યારે જે તે વ્યાજનો દર ત્યારપછીની ફાળવણી કરવામાં આવનાર મિલકતો પેટેની, કુલ રકમમાંથી ડાઉન પેમેન્ટ પેટેની રકમ ભરપાઈ કર્યા બાદ, બાકી રહેતી મૂડી ઉપરના તમામ હપ્તા માટે એક સરખો લાગુ કરવાનો રહેશે.

ઉપરોક્ત પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવો અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,
૧) નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ............જાણ સારું.
૨) પ્રમુખશ્રી, નિગમના તમામ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફ.....જાણ સારું.
૩) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ તરફ......જાણ સારું.
૪) મેનેજરશ્રી(એસ.એન્ડ એ.) જીઆઈડીસી, ઉદ્યોગભવન,ગાંધીનગર તરફ....જાણ તથા આ અંગેના હિસાબો રાખવા અંગેના કોમ્પ્યુટરના પ્રોગ્રામમાં જરુરી ફેરફારો કરી તે અંગેની જાણ દરેક ક્ષેત્રિય કચેરીઓને કરવા તેમજ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવા સારું.

રવાના કર્યું:
N. Pathak
જનરલ મેનેજર (ઈએન્ડએ)